# ગુજરાત અને જાપાનના આર્થિક સંબંધોને નવી શક્તિ મળશે

ગાંધીનગર, તા. ૨૩ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ટોકીયોમાં જાપાન એક્ષ્પોર્ટ ઓર્ગેનિઈઝેનશન (JETRO) આયોજિત સેમિનારને સંબોધતા ગુજરાત અને જાપાન વચ્ચે આર્થિક-ઔદ્યોગિક સંબંધોમાં નવો મોડ આપવાના નિર્ધાર સાથે જાપાનની ઔદ્યોગિક કંપનીઓને ગુજરાતમાં ભાગીદાર બનવાનું ઈજન આપ્યું હતું.



ગુજરાત અને જાપાનના સાંસ્કૃતિક જીવનશૈલી સાથે બે જાપાનીઝ સ્પેશિયલ ઈન્ડસ્ટ્રીઅલ ઝોનનું નિર્માણ આકાર લઈ રહ્યું છે અને આ ઝોન **JETRO PPP** મોડલ ઉપર બનાવશે. ગુજરાતના દૂરોગામી વિકાસ પ્રોજેકટમાં જાપાન સરકારનો પણ વિધ્યેયાત્મક પ્રતિભાવ મળી રહ્યો છે ત્યારે જાપાન અને ગુજરાત વચ્ચે ઐતિહાસિક સંબંધોનો નવો સેતુ રચાશે એમ જણાવ્યું હતું.

**JETRO**ના આ સેમિનારને જાપાનના વેપાર-ઉદ્યોગ ક્ષેત્ર તરફથી ખૂબ જ ઉમળકાભર્યો પ્રતિસાદ મળ્યો હતો અને ગુજરાત સાથે આર્થિક-વાણીજ્ય અને ઔદ્યોગિક સંબંધોને વ્યાપક ફલક ઉપર વિકસાવવાની તત્પરતા સાથે ગુજરાતમાં પ્રોજેકટ અને મૂડીરોકાણ માટે આ સેમિનાર જાપાનની કંપનીઓ અને ઉદ્યોગકારો માટે સક્ષમ પ્લેટફોર્મ બની ગયો હતો. ૪૦૦ જેટલી જાપાની કંપનીઓના પદાધિકારીઓ અને જાપાની નેશનલ મિડિયાએ એમાં ભાગ લીધો હતો.

મુખ્યમંત્રીશ્રીએ પ્રેરણાત્મક સંબોધનમાં જણાવ્યું કે ગુજરાત અને અને જાપાન વચ્ચેના આ સંબંધો લાગણી અને સદ્‌ભાવનાના સેતુ ઉપર સુદ્રઢ થયા છે. હિન્દુસ્તાનમાં ગુજરાતે ઔદ્યોગિક ચાઈ પાર કરી દીધી છે પરંતુ લાખો નાના-લઘુ ઔદ્યોગિક એકમોના નેટવર્કથી ઔદ્યોગિક વિકાસની નવી ઓળખ બની ગઈ છે. ગુજરાતના લોહીમાં ઔદ્યોગિક પ્રગતિનું પ્રોત્સાહક બળ વહે છે. જાપાનની કોઈને કોઈ કંપની દર અઠવાડિયે ગુજરાતમાં નવા ઉદ્યોગ સ્થાપવા આવતી રહી છે. ગુજરાતમાં શાંતિપૂર્ણ અને હુન્નર કૌશલ્ય ધરાવતી માનવશકિત, વીજળી પૂરવઠાની ખાતરી અને માત્ર રોડ-રેલ્વે-પોર્ટ-એક્ષ્પોર્ટ જેવા કોમ્યુનિકેશનના પરંપરાગત માળખાકીય સુવિધાની ઉપલબ્ધી પછી નેકસ્ટ જનરેશન જેવા ઈન્ફ્રાસ્ટ્રકચર જેમાં ગેસગ્રીડ, ઈન્ટરનેટ બ્રોડબેન્ડ કનેકટીવિટી જેવી ૨૧મી સદીના પ્રગતિશીલ દેશોના બેન્ચમાર્કની બરોબરી ગુજરાત કરી રહ્યું છે એની વિષદ ભૂમિકા તેમણે આપી હતી.

જાપાન અને ભારતના સાંસ્કૃતિક સંબંધો સંવેદના અને સદ્‌ભાવનાની બૂનિયાદ છે તેની ભૂમિકા સાથે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ૧૯૫૨ માં ભારત જાપાન વચ્ચે શાંતિના કરાર **(Peace Treaty)** થયેલા તેવું આ આ ૬૦મું વર્ષ છે અને ભારત હંમેશા જાપાનની સાથે જ રહ્યું છે. સાર્વજનિક વૈશ્વિક ક્ષેત્રે ભારત ઉપર દબાણ હોવા છતાં અને તત્કાલિન ભારત આઝાદ નહીં હોવા છતાં જાપાનનું મિત્ર બનીને ઉભૂં રહ્યું. ૨૧મી સદીમાં પણ ભારત અને જાપાન, એશિયામાં મોટી આર્થિક તાકાત અને વિશ્વની માનવજાતના કલ્યાણ માટે નવી શકિત બનશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.



**JETRO**ના ચેરમેન હિરોયુકી ઈસીગે **(HIROYUKI ISHIGE)** એ મુખ્યમંત્રીશ્રીના પ્રગતિશીલ અને વિઝનરી નેતૃત્વને બિરદાવી ગુજરાત ડેલીગેશનનો સત્કાર કર્યો હતો.

વૈશ્વિક મંદીમાં પણ ભારત અને જાપાન આર્થિક તાકાત કઈ રીતે બની શકે અને ગુજરાતના રાજકીય સ્થિરતાના શાસન અને વિશ્વના આર્થિક પ્રૌ સાથેની સ્પર્ધામાં ટકી રહેવાની શકિત અને ક્ષમતાની રૂપરેખા તેમણે આપી હતી.

આ અગાઉ સોમવારના દિવસ દરમિયાન જાપાન સરકારના વરિષ્ઠ મંત્રીશ્રીઓની બેઠકમાં ગુજરાતના વિઝનરી પ્રોજકેટ સહિત ગુજરાતના વિકાસની ભવિષ્યની સંભાવના સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીની રજૂઆતોને જાપાન સરકારે ઉમળકાભર્યો પ્રતિસાદ આપ્યો હતો જેના કારણે ગુજરાત જાપાન વચ્ચે સહભાગીતાના પરિણામો સાથે નવી ક્ષિતિજો આકાર લેશે.

### ગુજરાતમાં મીની જાપાન ઉભું કરીએ

- જાપાન પાસે અનુભવ અને શકિત છે - ગુજરાત પાસે ઉદ્યોગ સાહસિકતા છે.
- જાપાન પાસે ટેકનોલોજી છે.
- ગુજરાત પાસે ટેલેન્ટ યુથ પાવર છે.
- જાપાન શિસ્તબધ્ધ મૂલ્યોનું આગ્રહી છે.
- ગુજરાત શ્રેષ્ઠતાનું આગ્રહી છે.
- આવો, આ બંનેનો સમન્વય કરીએ, ભારત અને જાપાન માટે ગુજરાતમાં મીની જાપાન ખડૂં કરીએ.

(નરેન્દ્રભાઈ મોદી ટોકીયો - **JETRO** સેમિનાર)

## સમાચાર ઝલક

- આસામમાં હોકરાઝરમાં ભારે હિંસામાં ૧૨નાં મોત, સંચારબંધીનો અમલ, હજુ ભારે તંગદીલી, લશ્કરની તહેનાતી.
- દિવાળી અને છઠ પૂજા પર તમામ ટ્રેનો પૂર્વોત્તર તરફથી હાઉસફૂલ.
- મહેન્દ્રસિંહ ધોની અને તેમની ટીમને પ્રથમ વન-ડેમાં ધીમી રમત રમવાં બદલ દંડ ફટકારવામાં આવ્યો.
- રક્ષાબંધન પર્વ નિમિત્તે અવનવી રાખડીઓથી ઉભરાતું બજાર.
- બિલ્વપત્રાભિષેક અને જળાભિષેક સાથે શ્રાવણનાં પહેલાં સોમવારે શિવાલયો ગુંજી ઊઠ્યાં.
- રાધનપુર તાલુકાના કામલપુરમાં ટીંટોડીનાં બચ્ચાં દોડતાં થયાં, ટૂંક સમયમાં વરસાદની આશા.
- સીટ બેલ્ટ ન બાંધવાથી હાર્ટને ખૂબ ગંભીર ખતરો : સંશોધન અહેવાલ.
- કાશ્મીરમાં બક્કલ અને કૌરી વચ્ચે ચિનાબ નદી પર વિશ્વનો સૌથી વધુ ઊંચાઇ ધરાવતો રેલ્વે પુલ બનશે.
- ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં અણ્ણા ટીમનાં સભ્યો ઉમેદવાર તરીકે ઝૂંકાવશે.
- વરસાદ ખેંચાતાં ખેડૂતો માટે ટૂંક સમયમાં જ ઘાસચારા તથા અન્ય યોજનાઓની જાહેરાત થશે.
- ગરીબો માટે ઘરનાં ઘરની રૂા. ૪૫,૦૦૦ હજારની સહાયની યોજના.
- બુકી બજારમાં ચૂંટણીનાં ભાવ ખુલી ગયા, ભાજપનો 'ઘોડો' આગળ. ૧૦૦ બેઠક સરળતાથી, ૧૨૦ બેઠકો માટે મુશ્કેલ સ્થિતિ.
- સીંગતેલ અંગે મૌન ! કપાસિયા તેલમાં સડસડાટ તેજી, ડબ્બે રૂપિયા ૨૦/- નો વધારો.
- સૌરાષ્ટ્રમાં મોઢું ફાડતી પાણી-ચારાની કટોકટી, કેન્દ્રની ઊંઘ હરામ.
- કયારેય ચૂંટણી ન લડવાની મેં ભીષ્મ પ્રતિજ્ઞા લીધી છે : યોગગુરૂ રામદેવ

## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



જશોદાબેન રસિકલાલ સુથાર (૧૯૪૫) ફોન. ૨૩૨ ૨૬૭૮૨



વાલીબેન દેવશીભાઈ રાણાવાયા (૧૯૩૩) ફોન. ૨૩૨ ૪૬૭૦૯

# માનગઢ હિલ ખાતે ૩૦મી જુલાઈએ રાજ્યના વન મહોત્સવનો મુખ્યમંત્રી પ્રારંભ કરાવશે

ગાંધીનગર, તા. ૨૩ રાજય સરકારે દરવરસે વનમહોત્સવની ઉજવણીમાં રાજયના જુદા જુદાં મહિમાવંત સ્થળોની પસંદગી કરીને પ્રજાશક્તિને વનમહોત્સવમાં સક્રિય રીતે જોડવા સાંસ્કૃતિકવનોના નિર્માણની અને વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા પ્રકૃત્તિ પ્રેમીઓની નવીજ પહેલ કરી છે. તદઅનુસાર આગામી ૬૩મો વનમહોત્સવ પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના આદિવાસીઓના તીર્થ ક્ષેત્ર માનગઢહિલ ખાતે યોજવામાં આવનાર છે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૩૦મી જુલાઈ, ૨૦૧૨ના રોજ માનગઢમાં રાજયના ૬૩મા વનમહોત્સવનો પ્રારંભ કરાવશે. માનગઢ ખાતે ભીલ આદિવાસી ભાઈઓએ ગુરૂ ગોવિંદની આગેવાની હેઠળ અંગ્રેજ હકુમત સામે લડત ઉપાડી હતી અને લડતમાં ૧૫૦૭ જેટલાં આદિવાસીઓ શહીદ થયા હતા. તેઓની સ્મૃતિમાં આદિવાસીઓના ગુરૂ ગોવિંદની યાદમાં ગુરૂ ગોવિંદ સ્મૃતિવન ભું કરવામાં આવ્યું છે. અહીં ૧૫૦૭ જેટલાં વિવિધ વૃક્ષોના રોપાઓ ઉપરાંત નક્ષત્રવન, રાશિવન, તુલસીવન વિકસાવાશે તથા આસપાસના ગામોમાં ૩૦ હજાર જેટલા રોપાઓ ઉછેરવામાં આવનાર છે.

વન અને વનરાજીની ગોદમાં ઉછરતાં આદિવાસી ભાઈ-બહેનો સમગ્ર વનવાસી સમાજ વૃક્ષ અને પ્રકૃત્તિનો મહિમા સમજે છે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર ગુજરાતમાં વાવે ગુજરાતનું અભિયાન હાથ ધરાયું છે ત્યારે ગુજરાતનો પ્રત્યેક નાગરિક વૃક્ષપ્રેમી બને ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેઈન્જના સંકટોમાંથી બચવા વૃક્ષારોપણનો મહિમા આત્મસાત કરે તો હરિયાળા ગુજરાતનું સ્વૅ ચોક્કસ સાકાર થયા વગર રહેવાનું નથી.

# કર્મચારી સંકલન સમિતિ ૧૫મી ઓગષ્ટે સમાંતર ધ્વજવંદન કરશે

ગાંધીનગર, તા. ૨૩ હિમાચલ પ્રદેશની સરકારે રાજ્ય સરકારના કર્મચારીઓને ૪-૯-૧૪ વર્ષ ઉચ્ચત્તર પગાર ધોરણ આપ્યું છે. રોજમદાર કર્મચારીઓને પણ કાયમી કર્યા છે. ફીક્સ વેતન દૂર કર્યુ છે. ઉત્તરપ્રદેશના કર્મચારીઓને ૮-૧૬-૨૬ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ મળે છે. નંબર વન ગુજરાતના કર્મચારીઓને પાંચમા પગાર પંચનું ૧૨-૨૪ પણ ભારે શરતોને લીધે મળતુ નથી. ગુજરાતના કર્મચારીઓની સરકાર ઘોર ઉપેક્ષા કરે છે. તા. ૧૫ ઓગષ્ટે સમાંતર ધ્વજવંદન કરશે. તા. ૨૬મી ઓગષ્ટે કર્મચારીઓ સરકારને રેલી નીકાળી તાકાતનો પરચો બતાવશે તેવું સંકલન સમિતિના અધ્યક્ષ શ્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

ગુજરાત સરકાર તેના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના સ્વીકાર વખતે વચન આપી ફરી ગયા બાદ કર્મચારીઓના અવાજને દબાવી દેવા સંકલન સમિતિના ટોચના હોદ્દેદારો ઉપર ૧૫૩ ની કલમ લગાવી ૮ હોદ્દેદારો ઉપર પોલીસ કેસ કર્યા તેનાથી સંતોષ ન થતાં સરકારના પરીપત્રોનું ઉલ્લંઘન કરી કેટલાય માન્ય મંડળના હોદ્દેદારોની બદલીઓ કરી અને આમ સરકારે કર્મચારીઓની ઘોર ઉપેક્ષાઓ જ કરી છે. જેના થતી નંબર વન થનાર સરકારને કર્મચારીની ઉપેક્ષા ભારે પડે તે માટે સંકલન સમિતિએ રાજયના તમામે તમામ જિલ્લાઓનો પ્રવાસ કરી ચાર ઝોનમાં રેલી સભાઓ યોજી રાજયના તમામ કર્મચારીઓને સરકાર કર્મચારી વિરોધી હોવાનો અહેસાસ કરાવ્યા બાદ હવે સંકલન સમિતિ રાજયના તમામે તમામ તાલુકા મથકોએ સભાઓ યોજી તા. ૧૫ ઓગષ્ટે તમામે તમામ જિલ્લા મથકોએ સમાંતર ધ્વજ વંદન કરવામાં આવનાર છે. તેવું સંકલન સમિતિના અધ્યશ્રક્ષી વિષ્ણુભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

જ્યારે ગુજરાતના કર્મચારીઓને હજી સુધી છઠ્ઠા પગાર પંચમાં પણ પાંચમા પગાર પંચ પ્રમાણે ભથ્થાઓ તથા ૧૨-૨૪નું પગાર ધોરણ પણ પુરતુ આપેલ નથી. સંકલન સમિતિના કન્વીનર શ્રી ચંદુભાઈ જોષીએ જણાવ્યું છે કે દેશનું ભાવી ઘડનાર એવા સહાયકોનું આર્થીક શોષણ બંધ કરી હિમાચલ સરકારની જેમ પુરા પગારથી સત્વરે કાયમી કરવા સરકારને અનુરોધ કરવામાં આવેલ છે. કર્મચારીઓની તાકાતનો પરચો બતાવવા તા. ૨૬મી ઓગષ્ટે અમદાવાદમાં મહારેલી તથા સભા યોજી સમગ્ર કર્મચારીઆલમનું શક્તિ પ્રદર્શન દેખાડી દેવામાં આવનાર છે. તેમ સંકલન સમિતિના મહામંત્રી શ્રી અબ્દુલ ચૌહાણે જણાવેલ છે. તા. ૨૭મી સપ્ટેમ્બરે સમગ્ર ગુજરાતના કર્મચારીઓ માસ સી.એલ. ઉપર જશે અને આગામી ચૂંટણીમાં સરકારને કર્મચારી વિરોધી નીતિ ભારે પડી જશે તેવું નિખિલ દેસાઈએ જણાવ્યું છે.

# ટોકીયો જાપાનમાં જેટ્રોના સેમિનારમાં મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૩ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે જાપાનના ટોકીયોમાં થ્વ્વ્બ્ના ઔદ્યોગિક સેમિનારમાં હરિયાણાના માનેસર ખાતે મારૂતિ સુઝુકી પ્લાન્ટ અંગેના વિવાદમાં કોઈ ટીકા ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો અને જણાવ્યું હતું કે કોઈપણ સ્થળે માનવ સલામતી તથા ઔદ્યોગિક ક્ષેત્રે શાંતિ અને સુમેળ જ પ્રગતિ માટે મહત્વના જ છે અને હરિયાણા સરકાર માનેસર-મારૂતિ સુઝૂકી વિવાદ ઉકેલવા સક્ષમ છે.

ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે શ્રમીક-ઉદ્યોગ સંચાલકના સંબંધો સુમેળભર્યા રહ્યા છે અને તેથી 'ઝીરો લેવલ મેન ડેઈઝ લોસ' ગુજરાતનો છે. કયાંય પણ આવો વિવાદ સર્જાય તો તેનો સંવાદિતાથી ઉકેલ લાવવાની લોકશાહી પરંપરા ગુજરાતમાં છે એટલે જ ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિનું વાતાવરણ છે અને વિશ્વભરના ઉદ્યોગકારો ગુજરાતને ઉત્તમ સ્થળ માને છે.

ગુજરાતમાં મારૂતિ સુઝુકીનો માનેસર પ્લાન્ટ હરિયાણાથી ખસેડીને લાવવાનો કોઈ પ્રૅ જ ઉપસ્થિત થતો નથી. ગુજરાતમાં જાપાનની મારૂતિ સુઝુકી કંપનીએ તેનો બીજો પ્લાન્ટ સ્થાપવાનો નિર્ધાર કરેલો છે તે દિશામાં આગળ વધી રહી છે. દરેક રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ કરે તેવું ગુજરાત સરકાર ઈચ્છે છે.

## શબ્દાવલી - ૪૭૯૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | ૯ | |
| ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | | | ■ |
| | ■ | | ■ | | ■ | ૧૩ | ૧૪ |
| ■ | ૧૫ | | ૧૬ | | ■ | ■ | |
| ૧૭ | | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| | ■ | ૨૦ | | ■ | ૨૧ | | |
| ૨૨ | | | | ■ | ૨૩ | | |

**આડી ચાવી**

૧. પૈસાના હિસાબમાં ગોટાળો કરી ઉઠાંતરી કરવી (૪)
૬. ઘરડી મુરઘી... બરાબર (૨)
૭. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૧૦. પાણીની વાછટ કે ફરફર (૩)
૧૨. શ્રાધ્ધ (૩)
૧૩. જંગલ (૨)
૧૫. એક ખટમીઠુ નાનકડુ ફળ (૪)
૧૭. ગપ્પુ (૨)
૧૮. ક્રિકેટમાં સ્કોર પુછાય... કેટલા... થયા (૨)
૧૯. ... ખબર નથી, કંઈ પણ (૨)
૨૦. જોક્સ, કોમિક (૨)
૨૧. રેખાના આકારે પડતો તેજનો ઢગલો (૩)
૨૨. મુસ્કુરાફટ (૪)
૨૩. દયા (૩)

**ઊભી ચાવી**

૧. ઉત્સાહ વગરનું (૪)
૨. ચલાવનાર (૩)
૩. જપ..., સાધના (૨)
૪. કોપરા, ટોપરૂં (૩)
૫. અંત, છેડો (૨)
૮. બારી, ખીચડી (૫)
૯. પંક, કીચડ (૩)
૧૧. પેન્સિલનું લખાણ... થી ભૂંસાય (૩)
૧૪. કોતરણી (૫)
૧૫. ... રકાબી, પ્યાલો (૨)
૧૬. વાનર, વાંદરો (૪)
૧૭. ઉષ્ણ, આગથી તપી ગયેલું (૩)
૧૯. કંકાશ (૩)
૨૦. જોલા, ડોલા, બેઠા બેઠા ઊંઘવું તે (૨)
૨૧. હૃદય, દિલ (૨)

### શબ્દાવલી ૪૭૯૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) છબછબીયા (૪) સદિ (૬) ટન (૭) સાંત્વન (૮) ત્રાસવાદી (૧૦) ગાજ (૧૧) તપશ્ચર્યા (૧૨) હઠવું (૧૩) દડો (૧૫) દમદાર (૧૭) કરાર (૧૯) રજા (૨૦) દફનાવવું

**ઊભી ચાવી :-** (૧) છટકુ (૨) બન (૩) બિન્દાસ (૪) સત્વ (૫) દિનચર્યા (૭) સાંદીપની (૮) ત્રાજવું (૯) વાત (૧૧) ગાઠ (૧૨) હળદર (૧૩) દરદ (૧૪) ફરવું (૧૬) મજા (૧૭) ફના (૧૮) રાર

# સુરતમાં ૬૫ ચોરીઓ કરનાર રીઢા ચોરને અંતે પકડી લેવાયો

## રાણા ઉર્ફે રમેશ કલસરીએ સુરતમાં ૩૩ સહિત વાપી, વલસાડ, કીમ, કડોદરા, અંકલેશ્વરમાં ચોરીઓ કરી હતી

અમદાવાદ, તા. ૨૩ માત્ર ધોળે દહાડે એપાર્ટમેન્ટના ફલેટોમાં ચોરી કરી સુરત પોલીસની ઊંઘ હરામ કરી દેનાર રીઢા ઘરફોડીયાને આખરે ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે. ઝડપાયેલા ઘરફોડીયાએ પાંચ વર્ષમાં સુરતમાં ૩૫, જ્યારે વાપી, અંકલેશ્વર, વલસાડ, કીમ અને કડોદરામાં કુલ ૬૫ ચોરીની કબૂલાત કરી છે. પોલીસે ઘરફોડીયા પાસેથી રોકડ રકમ, દાગીના, કેમેરો અને કાર મળી કુલ રૂા. ૧૧,૧૩,૩૩૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ છેલ્લાં પાંચ વર્ષમાં ઘરફોડ ચોરીના ગુનાઓની પદ્ધતિનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. જેમાં દિવસ દરમિયાન એપાર્ટમેન્ટમાં બપોરના સમયે થતી ઘરફોડ ચોરીમાં એકસરખી રીતે તાળું તોડી નકૂચો ખોલી અને કેટલાંક કિસ્સામાં તાળા સહિત નકુચા તોડી ચોરી કરવામાં આવી હોવાના ૪૫ જેટલા ગુનાઓ બન્યાં હતાં.

આ મોડસ ઓપરેન્ડીના આધારે પોલીસ કમિશનરે સ્પેશયલ સ્કવોડની રચના કરી હતી. પોલીસની તપાસમાં ધોળે દહાડે ફલેટમાં ચોરી કરવામાં રાણા ઉર્ફે રમેશ દેવશી કલસરીયા (મૂળ બારપરોડી ગામ, રાજુલા, અમરેલી) ૨૦૦૬માં વાપી ટાઉનમાં પકડાયો હોવાનું બહાર આવતાં પોલીસે તેમના બાતમીદારોનું નેટવર્ક તેના પાછળ લગાડ્યું હતું. દરમિયાન સ્કવોડના એએસઆઈ માનજીભાઈ ગલજીભાઈ અને કોન્સ્ટેબલ નવનીત હરીભાઈ આહીરને મળેલી બાતમીના આધારે રીઢો ઘરફોડીયો રાણા ઉર્ફે રમેશ કલસરીયાને વહેલી સવારે પરવટ પાટીયા, આઈમાતા સર્કલ પાસે નાકાબંધી કરી ગોલ્ડન કલરની ટોયોટા કારમાં આવતા પકડી પાડ્યો હતો.

# ભાવનગરમાં પીઆઈ વિરૂદ્ધ કોર્ટમાં ફરિયાદ

ભાવનગર, તા. ૨૩ ભાવનગર શહેરના બી ડિવિઝન પોલીસ મથક નીચેના શિશુવિહારમાં રહેતા બે મુસ્લિમ પરિવારો સામ સામે ઝઘડો કરતા બન્ને તરફથી પોલીસને અરજી રુપે ફરિયાદ કરાઈ હતી. આ મામલે પોલીસ અટકાયતી પગલા શરુ કર્યા હતા. દરમ્યાન આરોપીઓની અટકાયતના પગલે એક વકીલ દ્વારા વિરોધ નોંધાવ્યો હતો. અને પોલીસ અધિકારી તથા વકીલ વચ્ચે તકરાર થઈ હતી. આ તકરારને લઈ વકીલે બી ડીવીઝન પી.આઈ. વિરુદ્ધ કોર્ટમાં ફરીયાદ દાખલ કરતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ ભાવનગર શહેરના શિશુવિહાર વિસ્તારમાં રહેતા બે મુસ્લિમ પરીવારો કોઈ બાબતે ઝઘડ્યા હતા. બંને પક્ષે બી ડીવીઝન પોલીસને અરજી રુપે ફરિયાદ અપાઈ હતી. આથી બી ડીવીઝન પી.આઈ. વિજયસિંહ પરમારે અટકાયતી પગલાં ભરવાનું શરુ કર્યુ હતું. દરમ્યાનમાં એક પક્ષના વકીલ અઝીઝ હમીદાણી પોલીસ મથકે પહોંચ્યા હતા.

### રાહતદરે વેચાણ કર્યું..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગરીબ કાર્ડધારક લાભાર્થીઓની જરૂરીયાતને ધ્યાને લઈ વન વિભાગના ડેપોમાં જલાઉ લાકડાનું વેચાણ કરવામાં આવે છે. જિલ્લામાં વૃક્ષછેદનની પ્રવૃત્તિને ડામવા તેમજ હરિયાળા વૃક્ષોની કટોતી કરી બળતણ તરીકે ઉપયોગમાં ન લેવાય તેવા આશયથી વનતંત્ર દ્વારા બારેમાસ ડેપોમાંથી જલાઉ લાકડાનુ વેચાણ કરવામાં આવે છે. બજારમાં ૭૦થી ૮૦ રૂ. મણ વેચાતા લાકડા તંત્રના ડેપોમાંથી ૨૨ રૂપિયામાં મણ વેચાય છે જ્યારે આ જલાઉ લાકડા માત્ર કાર્યધારકોને જ આપવામાં આવે છે. છેલ્લા સવા વર્ષના સમયગાળામાં ૩૬૧૮.૭૦ ક્વિન્ટલ જલાઉ લાકડાનું વેચાણ કરવામાં આવ્યું છે. રાહતદરના આ વેચાણ સામે રૂ. ૩.૯૮ લાખ વસુલવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૦-૧૧માં જિલ્લામાંથી ૨૦૮૧૦.૬૫ ક્વિન્ટલ જલાઉ લાકડાનુ ઉત્પાદન થયુ હતું. જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૭૪૯૦ ક્વિન્ટલ જલાઉ લાકડા ઉપલબ્ધ થયા હતા. ચાલુ વર્ષ દરમિયાન પણ અત્યાર સુધી ૩૩૯૫ ક્વિન્ટલ લાકડાનો જથ્થો ઉપલબ્ધ થયો છે.